SIR K. P. COLLEGE OF COMMERCE ALUMNI ASSOCIATION

# " સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ એલ્યુમની એસોસીએશન"

<u>મેમોરેન્ડમ ઓફ એસોસીએશન</u>

MEMORANDUM OF ASSOCIATION

---

(૧) સંસ્થાનું નામ : "સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ એલ્યુમની એસોસીએશન"

(૨) સરનામું : C/o. માટીના રેસારીઓ નોરોનહાલ, પ્રિન્સીપાલ, સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ, આર.કે.દેસાઇ માર્ગ, અઠવાલાઇન્સ, સુરત

ભવિષ્યમાં જરૂર પડયે ટ્રસ્ટીમંડળ તેમાં ફેરફાર કરી શકશે.

(૩) કાર્યક્ષેત્ર : આ સંસ્થાનું કાર્યક્ષેત્ર સમગ્ર ભારત વર્ષ રહેશે.

(૪) હેતુઓ :

<u>સદર હેતુઓ સરકારશ્રીની તથા કાયદાની પ્રવર્તમાન જોગવાઈઓ અન્વયે મેળવવા પાત્ર પૂર્વ પરવાનગી મેળવીને હેતુઓ અનુસાર ન્યાત જાતના ભેદભાવ વગર કામગીરી કરવામાં આવશે.</u>

૧) સર કે.પી. કોલેજ ઓફ કોમર્સના ભુતપુર્વ વિદ્યાર્થી હોય તેવી વ્યકિતઓના વ્યવસાયિક તથા આર્થિક, સામાજીક, શારીરિક, નૈતિક વિકાસનાં કાર્યો કરવા.

૨) સર કે.પી. કોલેજ ઓફ કોમર્સના ભુતપુર્વ વિદ્યાર્થીઓમા સંગઠન અને ભાઈચારાની ભાવના કેળવવી તથા સભ્યોના સામાજીક, આર્થિક, નૈતિક, શૈક્ષણિક અને તબીબી એમ તમામ ક્ષેત્રે વિકાસના પ્રયત્નો કરવા.

૩) આ મંડળનો ઉદેશ સર કે.પી. કોલેજ ઓફ કોમર્સમાં ભણતા વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તા વધે તે માટેના પ્રયત્નો કરવાના રહેશે.

૪) સર કે.પી. કોલેજ ઓફ કોમર્સમાં ભણતા તમામ વિદ્યાર્થીઓનું ભાવિ કઈ રીતે બને તેમજ વિદ્યાર્થીઓના વિકાસ માટે પ્રોત્સાહક થકી પ્રવૃત્તિ કરવા પ્રોત્સાહન આપવાનું રહેશે.

૫) સર કે.પી. કોલેજ ઓફ કોમર્સમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને શૈક્ષણિક હેતુ માટે આર્થિક મદદ કરવાની રહેશે.

૬) સર કે.પી. કોલેજ ઓફ કોમર્સના વિદ્યાર્થીઓને શૈક્ષણિક ક્ષેત્રે પ્રોત્સાહન મળે એ માટે સાંસ્કૃતિક પ્રોગ્રામો કરવાના રહેશે.

K.P. COLLEGE OF COMMERCE SURAT

Principal
Sir K.P. College of Commerce
SURAT.

૭) જરૂરીયાતમંદોને શૈક્ષણિક, તબીબી સહાય કરવી.

૮) સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ ના ભૂતપુર્વ વિદ્યાર્થી મંડળના સભ્યો દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામો આપવા, સાંસ્કૃતિક પ્રવત્તિને પ્રોત્સાહન મળે તે હેતુથી તેવા અન્ય પ્રોગ્રામોનું આયોજન કરવું.

૯) દુષ્કાળના સમયમાં જરૂરીયાતમંદોને શકય તમામ મદદ કરવી.

<u>મેનેજીંગ કમીટીના સભ્યોના નામ, સરનામા, નીચે મુજબ છે.</u>

| અ.નં. | નામ | સરનામું |
|---|---|---|
| ૧. | આસિમ ફરીદુદ્દીન બકશી | ૧૧/૨૦૨૯, બકશી વિલા, દરીયા મહેલ, જીલ્લા પંચાયતની ઓફિસ પાસે, મુગલીસરા, ચોક બજાર, સુરત. |
| ૨. | મોઅજ્જામભાઈ ઝેનુલભાઈ વાસી | ૧૧/૨૦૫૦, કસ્તુરબા ગાર્ડનની બાજુમાં, ચોક બજાર–૨, સુરત. |
| ૩. | ક્રિસ્ટી નિકી ઈરવીન | ૯૦૩,શ્રીમુર્તિ એપાર્ટમેન્ટ, દેવદર્શન એપાર્ટમેન્ટની સામે, સીટી લાઈટ રોડ, સુરત. |
| ૪. | કિરીટ વિનોદચંદ્ર માંડલેવાલા | ૮૦, વાત્તસલ્ય બંગ્લોસ, હોન્ડા સર્વિસ સ્ટેશનની સામે, વેસુ, સુરત. |
| ૫. | મડયન ફીરોઝ લોખંડવાલા | ૩૬, ફીરોઝ વીલા, મસ્કતી પ્લોટસ–૨, પાર્લે પોઈન્ટ, સુરત. |
| ૬. | ઝહીર સીરાજભાઈ ખુમારી | ફલેટ નં.૪૦૧, અલ–બુરહાની એપાર્ટમેન્ટ, દેના બેંકની પાસે, બેગમપુરા, સુરત. |
| ૭. | સ્મૃતિ પંકજ દેસાઈ | બી–૪૦૨, શ્યામસૃષ્ટિ એપાર્ટમેન્ટ, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત. |
| ૮. | હિના ધનસુખભાઈ જરીવાળા | ૫, ચોકસી વિલા, પી.એફ.ઓફિસ પાસે, ઘોદદોડ, સુરત. |
| ૯. | મહારુખ ઝુબીન ચીચગર | ૧૨૯, કવસજી નગર, બદ્રીનારાયણ મંદિર પાસે, અડાજણ, સુરત. |
| ૧૦. | માર્ટીના રોસારીઓ નોરોનહા | ૧૧, સુકન બંગ્લોસ, શ્રીધર રો–હાઉસની સામે, પીપલોદ, સુરત. |
| ૧૧ | ચેતન અરવિંદભાઈ દેસાઈ | ૬૧–૬૨, ચાણકયપુરી સોસાયટી, વનિતા પાર્કની પાસે, ભટાર રોડ, સુરત. |
| ૧૨ | પ્રતિક કીર્તીકુમાર શ્રોફ | ૯/ડી, અંજન સલાકા એપાર્ટમેન્ટ, જૈન મંદિરની સામે, અઠવાલાઈન્સ, સુરત |
| ૧૩ | રાજેશ શંકરલાલ પુજારા | ૦૦૩, રીવેરા ટાવર, ગોવર્ધન હવેલીની પાછળ, મગદલ્લા, સુરત |
| ૧૪ | સુહેલ ફરદુદિન બક્ષી | ૧૧/૨૦૨૯, બકશી વિલા, દરીયા મહેલ, જીલ્લા પંચાયતની ઓફિસ પાસે, મુગલીસરા, ચોક બજાર, સુરત |

અમો આ સંસ્થાને સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ ની જોગવાઈઓ હેઠળ નોંધાવવા માંગીએ છીએ જેના પ્રથમ ટ્રસ્ટીઓ નીચે મુજબ છે. આથી અમો નીચે સહીઓ કરનાર જાહેર કરીએ છીએ કે ઉપરની વિગતવાળી સંસ્થાની રચના કરીને તેને સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦

SIR K.P. COLLEGE OF COMMERCE • SURAT

Principal
Sir K.P. College of Commerce
SURAT.

હેઠળ રજીસ્ટ્રેશન કરાવવા માંગીએ છીએ તે માટે અમોએ તપાસણી નોટીસ જતી કરીએ છીએ તે બદલ નીચે સહીઓ કરીએ છીએ.

| અ.નં. | નામ | સહી |
|---|---|---|
| ૧. | આસિમ ફરીદુદીન બકશી | |
| ૨. | મોઅજજામભાઈ ઝેનુલભાઈ વાસી | |
| ૩. | ક્રિસ્ટી નિકી ઇરવીન | |
| ૪. | કિરીટ વિનોદચંદ્ર માંડલેવાલા | |
| ૫. | મડયન ફીરોઝ લોખંડવાલા | |
| ૬. | ઝહીર સીરાજભાઈ ખુમરી | |
| ૭. | સ્મૃતિ પંકજ દેસાઇ | |
| ૮. | હિના ધનસુખભાઈ જરીવાળા | |
| ૯. | મહારુખ ઝુબીન ચીચગર | |
| ૧૦. | માટીના રોસારીઓ નોરોનહા | |
| ૧૧ | ચેતન અરવિંદભાઇ દેસાઇ | |
| ૧૨ | પ્રતિક કીર્તીકુમાર શ્રોફ | Pratik. K. Shroff |
| ૧૩ | રાજેશ શંકરલાલ પુજારા | |
| ૧૪ | સુહેલ ફરદુદિન બક્ષી | |

COLLEGE OF COMMERCE · SIR K.P. · SURAT

Principal
Sir K.P. College of Commerce
SURAT.

Sir K. P. College Of Commerce Alumni Association

# " સર કે.પી. કોલેજ ઓફ કોર્મસ એલ્યુમની એસોસીએશન"

## નિયમો અને જોગવાઈઓ

Rules And Regulations

(૧) સભ્યપદ :-

૧.૧). જે કોઈ ભુતપુર્વ વિધાર્થી કે જેઓએ સર કે.પી. કોલેજ ઓફ કોર્મસમા ઓછામા ઓછા એક વર્ષ સુધીનો અભ્યાસ કરેલ હોય તેવી તમામ વ્યકિતઓ આજીવન સભ્ય બની શકશે.

૧.૨). જે કોઈ વિધાર્થીઓનો વિધાશાખામા અભ્યાસ ચાલુ હોય તેઓ નિયત સભ્ય ફી ભરી વિધાર્થી સભ્ય બની શકશે અને તેઓના વિધાશાખાની અંતિમ ડીગ્રી/પ્રમાણપત્ર પરીક્ષા પાસ કર્યેથી તેઓ આજીવન સભ્ય બનશે.

૧.૩) ઈચ્છુક સભ્યોએ આ સંસ્થાનુ નિર્ધારીત ફોર્મ ભરવાનુ રહેશે અને સંસ્થાના રેકર્ડની ચકાસણી બાદ કારોબારી સમીતી સભ્યપદને મંજુરી આપશે.

૧.૪) તમામ સભ્ય અરજીઓ ૩૧મી માર્ચ સુધી સ્વીકારવામા આવશે અને મંજુર કરવામા આવશે અને તેવા જ સભ્યો વાર્ષિક સામાન્ય સભામા મત આપવા માટે સક્ષમ બનશે.

(૧) આજીવન સભ્ય : રૂા. ૧૦૦૦/- (કોલેજ માટે)

(૨) વિધાર્થી સભ્ય : રૂા.૧૦૦/- ( કોલેજના વિધાર્થીઓ માટે)

(ઉપર જણાવેલ રકમ લઘુત્તમ રકમ છે મહત્વકાંક્ષી સભ્ય એક વખતની સભ્યપદની ફી કરતા વધુ ચુકવણી કરી શકશે.)

જે વ્યકિત ઉપરોકત સભ્ય ફી સભ્ય થવાની અરજી સાથે ટ્રસ્ટના મેનેજીગ કમીટીના સભ્યોને આપશે અને ટ્રસ્ટના મેનેજીગ કમીટી તેમની મિટીગમાં જો તેમની અરજી મંજૂર કરશે તો તેવી વ્યકિત આ ટ્રસ્ટના આજીવન સભ્ય થઈ શકશે.

(૨) સભ્યના હકકો અને ફરજો :

સભ્યના હકકો :

૧. સામાન્ય સભામાં હાજરી આપી શકશે.

૨. ટ્રસ્ટ મારફત થતી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે.

૩. સામાન્ય સભામાં યોગ્ય રજૂઆત કરી શકશે.

SIR K.P. COLLEGE OF COMMERCE SURAT

Principal
Sir K.P. College of Commerce
SURAT.

૪. મંડળનાં હિસાબી ચોપડા તથા અન્ય હિસાબો વગેરે જોવા માટે મેનેજીંગ કમિટીને ૧૦ (દસ) દિવસ પહેલા લેખિતમાં જાણ કરવાની રહેશે.

૫. મેનેજીંગ કમિટીની ચૂંટણી થાય તો તેમાં ફકત આજીવન સભ્યો ઉમેદવારી કરી શકશે તથા દરેક પ્રકારના સભ્યો મત આપી શકશે.

**સભ્યની ફરજો :**

૧. મંડળનો વિકાસ થાય તે માટે પ્રયત્નો કરવા.

૨. સભ્ય ફી ભરવી.

૩. બંધારણને વફાદાર રહેવું.

૪. મંડળને મદદ કરવી.

**(૩) મેનેજીંગ કમિટી :**

મેનેજીંગ કમિટી ની નિમણુંક દર એક (૧) વર્ષે સાધારણ સભામાં કરવામાં આવશે. મેનેજીંગ કમિટીના સભ્યોની સંખ્યા ઓછામાં ઓછી ૭ અને વધુમાં વધુ ૨૧ ની રહેશે અને તેમની મુદત ૧ વર્ષની રહેશે, મેનેજીંગ કમિટી ની જગ્યા કોઈપણ કારણોસર જેવી કે મૃત્યુ, રાજીનામું આપવાથી, માનસિક અસ્થિરતા આવવાથી, નાદાર થવાથી, નૈતિક અધઃપતન કે ફોજદારી ગુન્હામાં સજા થવાથી, એવા તમામ પ્રકારના સંજોગોમાં જગ્યા ખાલી પડે તો તે સમય માટે બાકી રહેલા મેનેજીંગ કમિટી ના સભ્યો બહુમતિથી સભ્યપદ ધારણ કરનાર આજીવન સભ્યોમાંથી મેનેજીંગ કમિટી ના સભ્યની નિમણુંક કરી શકાશે, ભવિષ્યમા જરૂર પડયે મેનેજીંગ કમિટીમાં નિયત કરેલ સંખ્યા મર્યાદામા બહુમતીથી ઠરાવ પસાર કરી વધારાના ટ્રસ્ટીઓની નીમણુંક કરી શકશે. જયાં સુધી કોઈ સંજોગો વસાહત નવા મેનેજીંગ કમિટીની નિમણૂંક ન થાય કે સામાન્ય સભા મળી શકે તેમ ન હોય તો જુની મેનેજીંગ કમિટી નવી નિમણૂંક ન થાય ત્યાં સુધી કાર્યરત રહેશે અને તે કાયદેસર ગણાશે.

**(૪) હોદેદારો :**

મેનેજીંગ કમિટી પોતાનામાંથી હોદેદારોની જેવા કે **પ્રમુખ, ઉપપ્રમુખ–૧, ઉપપ્રમુખ–૨, મંત્રી, સહમંત્રી, ખજાનચીની** નિમણુંક સર્વાનુમતે કરશે. જેમની મુદત પણ ૧ (એક) વર્ષની રહેશે અને જો કોઈપણ કારણસર હોદેદારોની મુદત દરમ્યાન જગ્યા ખાલી પડશે તો તે સમયે બાકી રહેતા મેનેજીંગ કમિટી ના સભ્યો બહુમતિથી ઠરાવ કરી બાકીની મુદત માટે પોતાનામાંથી જે તે હોદેદારોની નિમણુંક કરી શકશે.

SIR K.P. COLLEGE OF COMMERCE • SURAT

Principal
Sir K.P. College of Commerce
SURAT.

હોદ્દેદારોના નીમણુંકની રીત :

**અધ્યક્ષ** : સર કે.પી. કોલેજ ઓફ કોમર્સના આચાર્ય શ્રી તેમના હોદ્દાની રુએ આ સંસ્થાના અધ્યક્ષ અને મેનેજીંગ કમિટીના સભ્ય રહેશે અને તેઓ સામાન્ય સભા/ મેનેજીંગ કમિટીની સભા બોલાવવા મંત્રી શ્રીને સુચના આપશે અને સભાનુ અધ્યક્ષ સ્થાન મેળવશે

તેઓ જયાં સુધી હોદા પર ચાલુ રહેશે ત્યાં સુધી આ સંસ્થાના અધ્યક્ષ અને મેનેજીંગ કમિટીના સભ્ય રહેશ અને તેઓ હોદા પરથી દુર થયા બાદ જે વ્યકિત તે હોદો ધારણ કરશે તે આપોઆપ આ સંસ્થાના અધ્યક્ષ અને મેનેજીંગ કમિટીના સભ્ય બનશે. પોતાનો હોદો ગુમાવતાં આપોઆપ અધ્યક્ષપદ અને મેનેજીંગ કમિટીના સભ્યપદ પણ ગુમાવશે આવી વ્યકિતએ કોઈ સભ્ય ફી ભરવાની રહેશે નહિં.

**પ્રમુખ** :– એલ્યુમની એસોસીએશનની રચના પછી પ્રથમ પ્રમુખની પસંદગી બહુમતીથી સામાન્ય સભામા આજીવન સભ્યોમાથી કરવામા આવશે. ત્યારબાદના વર્ષે ઉપપ્રમુખ–૧ આપમેળે પ્રમુખપદ સંભાળશે.

**ઉપપ્રમુખ ૧** :– એલ્યુમની એસોસીએશનની રચના પછી પ્રથમ ઉપપ્રમુખ–૧ ની પસંદગી બહુમતીથી સામાન્ય સભામા આજીવન સભ્યોમાથી કરવામા આવશે. ત્યારબાદના વર્ષે ઉપપ્રમુખ–૨ આપમેળે ઉપપ્રમુખ–૧ નુ પદ સંભાળશે.

**ઉપપ્રમુખ ૨** :– એલ્યુમની એસોસીએશનની રચના પછી પ્રથમ ઉપપ્રમુખ–૨ ની પસંદગી બહુમતીથી સામાન્ય સભામા આજીવન સભ્યોમાથી કરવામા આવશે. ત્યારબાદના દર વર્ષે સામાન્ય સભામા સભ્યોના વર્ગમાથી બહુમતીથી નિમણુક કરવામા આવશે.

**મંત્રી** :– તાલીમ અને નિયુકતી ઓફીસર અથવા કોલેજના વરિષ્ઠ શિક્ષક અથવા વાઈસ પ્રિન્સીપલ અથવા સુપરવાઈઝર કે જેમને સંસ્થાના વડા ધ્વારા નિયુકત કરવામા આવી હોય તેઓ આ એસોસીએશનના મંત્રી બનશે.

**ખજાનચી** :– તેઓની નિયુકત સામાન્ય સભામા સભ્યોમાંથી બહુમતીથી નિયુકત કરવામા આવશે.

**(૫) મેનેજીંગ કમિટીની ફરજો અને સત્તાઓ :**

(૧) આ મંડળ રોજિંદા વ્યવહારમાં પ્રમુખનાં માર્ગદર્શન મુજબ કાર્ય કરશે.

(૨) મેનેજીંગ કમિટીની મિટીંગ વર્ષમાં ઓછામાં ઓછી બે વખત મળશે.

SIR K.P. COLLEGE OF COMMERCE SURAT

Principal
Sir K.P. College of Commerce
SURAT

(૩) મેનેજીંગ કમિટીની મિટીંગની જાણ કમિટીના દરેક સભ્યને ૫ દિવસ અગાઉ કરવાની રહેશે.

(૪) મેનેજીંગ કમિટીનું કોરમ ૨/૩ સભ્યોનું રહેશે. જો કોરમ ન થાય તો તેજ દિવસે અડધા કલાક પછી તેટલા સભ્યોની સભા મળી શકશે. જેમાં કોરમની જરૂરિયાત રહેશે નહી અને જેમાં કરવામાં આવેલા નિર્ણયો કાયદેસરના રહેશે અને ગણાશે.

(૫) મેનેજીંગ કમિટીના જુદા-જુદા કાર્યો માટે પેટા સમિતિઓ તથા જે કેન્દ્રમાં પ્રવૃત્તિઓ ચાલતી હશે, ત્યાં વ્યવસ્થાપકો નીમી શકશે, જેના પગારો, ભથ્થાઓ અને જરૂરિયાતો ઠરાવ કરી નકકી કરવામાં આવશે.

(૬) દર વર્ષે આવક-જાવકના હિસાબો મંજૂર કરશે.

(૭) વાર્ષિક તથા ખાસ સામાન્ય સભા બોલાવવા માટે જરૂરી નોટીસ, એજન્ડા નકકી કરવા અને તે મુજબ સામાન્ય સભા મળશે.

(૮) કોઈપણ સભ્યને સભ્યપદેથી નિલંબીત યા ખારીજ કરવાના સંજોગોમાં અધ્યક્ષ અને મેનેજીંગ કમિટીના સભ્ય ના ૨/૩ સભ્યોની મંજુરીથી તેવી દરખાસ્ત સામાન્ય સભાની મંજુરી માટે રજૂ કરી શકાશે. ત્યારબાદ તે અંગે સામાન્ય સભા જે નિર્ણય કરે તે મુજબ તેનો અમલ સંસ્થા કરશે. પરંતુ ખાસ સંજોગોમાં સંસ્થાના સર્વાંગી હિતમાં આવશ્યક જણાયેથી અધ્યક્ષ અને મેનેજીંગ કમિટીના સભ્ય ૨/૩ બહુમતીથી કોઈપણ સભાસદને સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ તાત્કાલીક અસરથી નિલંબીત કરી સભાસદ તરીકેના લાભાલાભથી વંચિત કરી શકશે.

(૯) વેતનીક કાર્યકર્તાઓ માટે વેતન ગ્રેડ ફંડ રજાના નિયમો, વિમા યોજના તથા કાર્યકર્તાઓ હિત અંગે જે નિર્ણયો અથવા નિયમો કરવા જરૂરી કરી શકશે.

(૧૦) નવી અરજીઓ સ્વીકારવી, રાજીનામાઓ આવે તે મંજૂર કરવા વિગેરે કાર્યવાહી કરશે.

(૧૧) સંસ્થાની પ્રવૃત્તિઓ હાથ ધરીને તેને વિકસાવશે.

(૧૨) આવક વેરા ધારાની જોગવાઈ હેઠળ મુકિત અંગેનું પ્રમાણપત્ર મેળવવા અથવા તે અંગેની જરૂરી કાર્યવાહી કરવી.

(૧૩) ગ્રાહક સુરક્ષાના યા અન્ય પ્રવર્તમાન કાયદા હેઠળ માન્યતા પ્રાપ્ત કરી જરૂરી કાર્યો કરવા.

(૬) **સામાન્ય સભા :**

સર્વે પ્રકારના સભ્યોની બનેલી સભાને સામાન્ય સભા કહેવાશે. સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા હિસાબી વર્ષ પૂરું થતાં ત્રણ માસની અંદર બોલાવવામાં આવશે, પરંતુ ખાસ સંજોગોમાં મેનેજીંગ કમિટી ઠરાવ કરી સામાન્ય સભા ગમે ત્યારે બોલાવી શકાશે, આવી સામાન્ય સભાનું પ્રમુખ

SIR K.P. COLLEGE OF COMMERCE SURAT

Principal
Sir K.P. College of Commerce
SURAT.

સ્થાન સામાન્ય રીતે સંસ્થાના પ્રમુખ લેશે અને તેમની ગેરહાજરીમાં આ સામાન્ય સભા પૂરતાં પ્રમુખની નિમણુંક કામકાજ શરૂ કરતાં પહેલા સર્વાનુમતે કરવામાં આવશે.

સભા સમક્ષ રજૂ થયેલા પ્રશ્નોનો નિકાલ બહુમતિથી કરવામાં આવશે, કોઈપણ સંજોગોમાં સરખા મત પડે તો પ્રમુખને પોતાનો નિર્ણાયક મત આપવાનો અધિકાર રહેશે, દરેકે દરેક સભ્યો સભામાં હાજર રહી પોતાનો મત આપી શકશે.

(૭) **સામાન્ય સભાની સત્તાઓ અને અધિકારો :**

(૧) સર્વ પ્રકારની સભ્યોની બનેલી સભાને સામાન્ય સભા કહેવાશે.

(૨) સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા હિસાબી વર્ષ પૂરું થતાં ત્રણ માસની અંદર બોલાવવામાં આવશે, પરંતુ ખાસ સંજોગોમાં મેનેજીંગ કમિટી ઠરાવ કરી સામાન્ય સભા ગમે ત્યારે બોલાવી શકાશે.

(૩) સામાન્ય સભાની જાણ મંત્રી સાત દિવસ અગાઉ સભ્યોને ટપાલ, સકર્યુલર, સોશીયલ મિડિયા, ઈલેક્ટ્રોનીક મિડીયા યા દૈનિક પત્રમાં જાહેરાત આપીને કરી શકશે. સામાન્ય સભાનું કોરમ સંસ્થાના કુલ સભ્યોના ૨/૩ સભ્યોનું ગણાશે. કાર્યસાધક સમય સુધીમાં જો કોરમ પૂરું નહી થાય તો તે જ દિવસે ફરીથી અડધા કલાક પછી સભા ભરવાની જાહેરાત કરીને સભા ભરવામાં આવશે, આવી સભાને કોરમની બાધ નડશે નહી, આવી સભાએ કરેલી કાર્યવાહી યોગ્ય અને કાયદેસરની ગણાશે.

(૪) દરેક સભ્યો સભામાં હાજર રહીને પોતાનો મત આપી શકશે.

(૫) સભા સમક્ષ રજૂ થયેલા પ્રશ્નોનો નિકાલ બહુમતિથી કરવામાં આવશે. કોઈપણ સંજોગોમાં સરખા મત પડે તો પ્રમુખને પોતાનો નિર્ણાયક મત આપવાનો અધિકાર રહેશે.

(૬) સામાન્ય સભા અને ખાસ સાધારણ સભાનું પ્રમુખસ્થાન સંસ્થાના પ્રમુખ લેશે અને તેમની ગેરહાજરીમાં સભા પૂરતા પ્રમુખની નિમણુંક કરવામાં આવશે (કામકાજ શરૂ કરતાં પહેલા કરવામાં આવશે.)

(૭) સામાન્ય સભાના બધા નિર્ણયો અંગે કામો બહુમતિથી થશે.

(૮) સામાન્ય સભા દર ૧ વર્ષે ટ્રસ્ટીમંડળની રચના કરશે.

(૯) ૨/૩ અથવા ઓછામાં ઓછા સાત સભ્યોની લેખિત માંગણી સામાન્ય સભા બોલાવી શકાશે. લેખિત માંગણીની અરજીમાં સભા બોલાવવાનાં કારણો જણાવવાના રહેશે.

SIR K.P. COLLEGE OF COMMERCE SURAT

Principal
Sir K.P. College of Commerce
SURAT.

(૧૦) સામાન્ય સભામાં પુરા થતાં વર્ષનો હિસાબ અહેવાલ તથા વર્ષના કાર્યક્રમો/કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

(૧૧) મેનેજીંગ કમિટીની નવી ચુંટણી તથા સામાન્ય સભાએ ચુંટેલું મેનેજીંગ કમિટીના યથાવત અધિકારી ગણાશે અને અધિકારો ભોગવશે.

(૧૨) હિસાબો તપાસવા માટે દર વર્ષે સામાન્ય સભામાં ઓડીટરશ્રી નિમણુંક કરશે.

(૧૩) સામાન્ય રીતે સામાન્ય સભા વર્ષમાં એકવાર બોલાવવામાં આવશે, જરૂર પડે વધુ વખત બોલાવી શકાશે.

(૧૪) સંસ્થાની પ્રતિષ્ઠાને, સંસ્થાના હિતોને, સંસ્થાના ધ્યેય, ઉદ્દેશો કે પ્રવૃત્તિઓને ઈરાદાપૂર્વક નુકસાન પહોંચાડવા અંગે સામાન્ય સભાના સભ્યપદેથી બરતરફ કરી શકશે. આ સંસ્થાના કોઈ પણ મેનેજીંગ કમિટીના સભ્યો યા નોંધાયેલ સામાન્ય સભ્યો આ સંસ્થાના હિત અને હેતુ વિરૂધ્ધ કાર્ય કરતા જણાશે યા સંસ્થાને કોઈ પણ રીતે નુકસાન થાય તેવા કૃત્યો કરતા જણાશે તો સામાન્ય સભા ઠરાવ કરીને ટ્રસ્ટ કાયદાની જોગવાઈ મુજબ તેવી વ્યકિતને સભ્યપદેથી યા હોદા પરથી દૂર કરી શકશે.

(૧૫) સંસ્થાના નિયમોમાં 'મેમોરેન્ડમ ઓફ એસોસીએશન' તથા "નિયમો અને જોગવાઈઓ"માં સર્વાનુમતે હાજર સભ્યોના ૨/૩ સભ્યોની હાજરીમાં જરૂરી ફેરફારો કરી શકાશે.

(૮) **આવકના સાધનો :**

આ સંસ્થાના હેતુઓ અને ઉદ્દેશો પુરા પાડવા માટે નીચે પ્રમાણે ભંડોળ એકત્ર કરાશે.

(૧) દાન, ભેટ, ભંડોળ, ચેરીટી–શો દ્વારા.

(૨) બક્ષિસો અને સભ્ય ફી દ્વારા

(૩) સરકારી અને અર્ધસરકારી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓ પાસેથી ગ્રાન્ટ, અનુદાન, સબસીડી તથા તેવી સંસ્થાના નિયમો મુજબ આવક મેળવીને અન્ય કોઈપણ પ્રકારે સાધનો તથા આર્થિક મદદ મેળવીને.

(૪) સંસ્થાના વિકાસ માટે વિવિધ સંસ્થાગત કે વ્યકિતગત દાન તથા મેનેજીંગ કમિટીને યોગ્ય લાગે તેવી શરતોએ મેળવી શકાશે.

(૫) સંસ્થા વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે શૈક્ષણિક માર્ગદર્શન તથા ઔદ્યોગિક માર્ગદર્શન આપી આવક ઉભી કરી શકશે.

(૬) શરતી દાન સ્વીકારીને.

(૯) **સ્થાવર જંગમ મિલ્કત :**

SIR K.P. COLLEGE OF COMMERCE SURAT

Principal
Sir K.P. College of Commerce
SURAT.

(અ) સંસ્થાના નાણાં અને મિલ્કતો સંસ્થાની માલિકીના ગણાશે તેની ઉપર કોઈ સભ્ય કે અન્ય સંસ્થાઓનો માલિકી હકક રહેશે નહી.

(બ) કાયમી ફંડો અને ચાલુ ફંડો એમ બે પ્રકારનાં સંસ્થાના ફંડો રહેશે

(ક) રોકડ કે મિલ્કત રૂપે મળેલું દાન.

(ડ) ટ્રસ્ટીમંડળે કાયમી ફંડ તરીકે ફાળવેલ કે અલગ કાઢેલા નાણાં અગર મિલ્કતો.

<u>ચાલુ ફંડો</u> :

(૧) લવાજમની રકમ (સભ્ય ફી)

(૨) ફંડનું વ્યાજ.

(૩) ટ્રસ્ટીમંડળ એ કાયમી ફંડોમાં ન ગણી હોય તેવી રકમ કે આવકો.

**(૧૦) સંસ્થાના હિસાબો** :

સંસ્થાના હિસાબી દફતરો મંત્રીશ્રીના કબજામાં રહેશે, તેનો વહીવટ તથા જાળવણી કરવાની જવાબદારી સંસ્થા વતી મંત્રીની રહેશે, સંસ્થાના તમામ હિસાબો ઓડીટ વિગેરે સંસ્થાનાં મંત્રી કરાવશે તેમજ સંસ્થાઓનાં કાર્યકર્તાઓની રજા તથા વૈતનિક કાર્યવાહી પણ મંત્રી કરશે.

**(૧૧) હિસાબી વર્ષ :**

હિસાબી વર્ષ ૧ લી એપ્રિલથી ૩૧ મી માર્ચ સુધીનું રહેશે.

**(૧૨) નાણાંકીય વ્યવહારો** :

મંડળને નામે સરકાર માન્ય બેંકમાં ખાતુ ખોલવાનું રહેશે અને તે ખાતાનો વહીવટ કરવાની સત્તા પ્રમુખ અને મંત્રીની સંયુકત સહીથી કરી શકશે તેમા પ્રમુખની સહી અનિવાર્ય રહેશે.

**(૧૩) પેટા સમિતિ** :

ટ્રસ્ટીમંડળ જરૂર પડે ત્યાં અને ત્યારે સમિતિઓ, પેટા સમિતિઓ, સલાહકાર સમિતિઓ નીમી શકશે અને ટ્રસ્ટના હેતુઓ અંગે તેમને જે તે કાર્યો સોંપી શકશે, પરંતુ તેઓ ટ્રસ્ટીમંડળના સભ્યો કહેવાશે નહી.

**(૧૪) પ્રમુખની ફરજો** :

(૧) સંસ્થાની તમામ મિલ્કતના કાયદેસરના વહીવટદાર ગણાશે.

(૨) સંસ્થાનો વહીવટ સંભાળવા જરૂરી માર્ગદર્શન આપશે.

(૩) સંસ્થાની સિધ્ધી અર્થે પ્રવૃત્તિઓ ઉપાડવા વિચાર કરશે અને મંત્રીને સૂચના આપશે.

SIR K.P. COLLEGE OF COMMERCE SURAT

Principal
Sir K.P. College of Commerce
SURAT.

(૪) મેનેજીંગ કમિટીએ આપેલા અધિકાર મુજબ નાણાંકીય લોન, સહાય, મિલ્કતો તેનાં દસ્તાવેજો કરારો કરી શકશે.

(૫) સામાન્ય સભા તથા ટ્રસ્ટીમંડળના અધિકારના તમામ કાર્યો મંજૂરીથી અપેક્ષાએ/મંજૂરીની અપેક્ષા કરી શકશે.

(૬) પગારદાર કર્મચારીઓની નિમણુંક કરશે, બરતરફ કરશે, યા છૂટા પણ કરી શકશે.

(૭) સંસ્થાના સંચાલન અંગે જરૂરી નાણાંકીય લેવડ–દેવડ મંત્રીશ્રી સાથે કરી શકશે.

(૮) સંસ્થાના હિતના તમામ કાર્યો કરશે, કરાવશે.

**(૧૫) ઉપપ્રમુખ–૧ ના કાર્યો :–**

(૧) પ્રમુખશ્રી જે સોંપે તે કાર્યવાહી કરવી.

(૨) મંડળની તમામ દૈનિક પ્રવૃતિઓ કાર્યોમાં પ્રમુખશ્રીને મદદ કરવી.

(૩) પ્રમુખશ્રી ની ગેરહાજરીમાં જે તે સભાનું પ્રમુખસ્થાન લેવું અને સભાનું વ્યવસ્થિત સંચાલન કરવું.

**(૧૬) ઉપપ્રમુખ–૨ ના કાર્યો :–**

ઉપપ્રમુખ–૧ તેના કાર્યમાં મદદ કરશે તથા તેમની ગેરહાજરીમાં ઉપપ્રમુખ–૧ ના તમામ અધિકારો ભોગવશે.

**(૧૭) મંત્રીની ફરજો :**

(૧) ટ્રસ્ટીમંડળ તથા પ્રમુખના આદેશો અને માર્ગદર્શન હેઠળ સંસ્થાનું તમામ કામકાજ સંભાળશે.

(૨) સંસ્થાની મિલ્કતોનો વહીવટ કરશે.

(૩) સંસ્થાના ધ્યેય અને ઉદ્દેશ મુજબ ટ્રસ્ટીઓ તેનું સંચાલન કરશે.

(૪) સંસ્થાના તમામ પ્રકારના હિસાબો રાખશે, ઓડીટ કરાવશે અને સામાન્ય સભામાં મંજૂરી માટે રજૂ કરશે.

(૫) વેતનીક કાર્યકર્તાઓ પાસેથી કાર્ય કરાવશે તથા તેમને માર્ગદર્શન આપશે.

(૬) વેતનીક કાર્યકર્તાઓની રજા મંજૂર કરશે, ગ્રેડ મુજબ વધારો આપવા નિર્ણય કરશે.

(૭) જે તે વખતના પ્રમુખશ્રી ના ઠરાવ પ્રમાણેની રોકડ રકમ નું ટ્રસ્ટીમંડળના ઠરાવ અનુસાર યોગ્ય રોકાણ કરવું.

SIR K.P. COLLEGE OF COMMERCE SURAT

Principal
Sir K.P. College of Commerce
SURAT.

(૮) દૈનિક આવક-ખર્ચની નોંધ રાખવી.

(૧૮) ખજાનચીની ફરજો :

(૧) ટ્રસ્ટનાં નાણાંનો હિસાબ રાખવો, લેવડ-દેવડ કરવી.

(૨) દાન આપે તેને રસીદ આપવી, નાણાંનો હિસાબ રાખવો અને તેને લગતા ચોપડાઓ લખવા.

(૩) રૂ.૩૦૦૦/- અંકે રૂપિયા ત્રણ હજાર પૂરા સુધીની રકમ હાથ પર રાખવાની સત્તા છે.

(૪) નાણાંકીય વ્યવહાર ચેક તેમજ રોકડ દ્વારા જ કરવા.

(૫) નાણાંને લગતા સવાલોનો જવાબ આપવાની ખજાનચીની ફરજ છે.

(૧૯) કોરપસ ફંડ :

મેનેજીંગ કમિટીના સામાન્ય સભામાં ઠરાવ કરી કોઈ ચોક્કસ કાર્ય યા હેતુ માટે અલગ કોરપસ ફંડ એકત્ર કરી શકશે.

(૨૦) મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને રૂલ્સ એન્ડ રેગ્યુલેશનમા જો કોઈ ફેરફારની જરૂર પડે તો સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ ની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૨૧) જો કોઈ સંજોગોમા સંસ્થાનુ વિસર્જન યા સંસ્થા બંધ કરવાનો સમય આવે તો આવા સરખા હેતુ ધરાવતી અન્ય રજીસ્ટર્ડ સંસ્થાને તમામ સ્થાવર-જંગમ મીલ્કતો તબદીલ કરી કાનુની સલાહ મુજબ તેવી કાર્યવાહી કરી શકશે. પરંતુ તે વખતે ટ્રસ્ટના સંચાલકો/મેનેજીંગ કમિટીના સભ્યો/હોદેદારો યા નોંધાયેલા સભ્યોનો સંસ્થાની માલ-મીલ્કત ઉપર કોઈ હકક હીસ્સો રહેશે નહી કે તેમની વચ્ચે વહેંચણી કરવામા આવશે નહી.

(૨૨) 'મેમોરેન્ડમ ઓફ એસોસીએશન' તથા "નિયમો અને જોગવાઈઓ"માં ફેરફાર થાય તેમજ જો બંધ થાય તો સોસાયટી એકટની કલમ-૧૨ અને ૧ ને આધીન રહીને વિધી કરવામાં આવશે, આ સંસ્થા તેના મેમોરેન્ડમ એસોસીએશન અને ધારા-ધોરણ અને નિયમોને જે વખતે અમલમાં હોય તેવી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ ૧૯૫૦ તથા સોસાયટી રજીસ્ટર્ડ એકટ ૧૮૬૦ ની કલમને આધીન રહીને કામગીરી તથા ફરજ બજાવશે.

| અ.નં. | નામ | સહી |
|---|---|---|
| ૧. | આસિમ ફરીદુદીન બકશી | [signature] |
| ૨. | મોઅજ્જામભાઈ ઝેનુલભાઈ વાસી | [signature] |
| ૩. | ક્રિસ્ટી નિકી ઈરવીન | [signature] |

SIR K.P. COLLEGE OF COMMERCE SURAT

Principal
Sir K.P. College of Commerce
SURAT.

| | | |
|---|---|---|
| ૪. | કિરીટ વિનોદચંદ્ર માંડલેવાલા | |
| ૫. | મડયન ફીરોઝ લોખંડવાલા | |
| ૬. | ઝહીર સરીજભાઈ ખુમ્બરી | |
| ૭. | સ્મૃતિ પંકજ દેસાઇ | |
| ૮. | હિના ધનસુખભાઈ જરીવાળા | |
| ૯. | મહારુખ ઝુબીન ચીચગર | |
| ૧૦. | માર્ટીના રોસારીઓ નોરોનહા | |
| ૧૧ | ચેતન અરવિંદભાઇ દેસાઇ | |
| ૧૨ | પ્રતિક કીર્તીકુમાર શ્રોફ | Pratik.k.Shroff |
| ૧૩ | રાજેશ શંકરલાલ પુજારા | |
| ૧૪ | સુહેલ ફરદુદિન બક્ષી | |

SIR K.P. COLLEGE OF COMMERCE SURAT

Principal
Sir K.P. College of Commerce
SURAT.